PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3567-11 તારીખ : 22-5-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
દામજીભાઈ દેવાભાઈ મેઘાણી
શનેશ્વર પાર્ટી પ્લોટ સામે મવડી પાળ રોડ મવડી રાજકોટ ,
મુ. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,
મોબાઈલ : ૯૭૧૨૧૬૬૩૨૨

વિષય : વીજ જોડાણ આપવા બાબત..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૦/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગોજીયા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મવડી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા-૪/૨૦૧૮-૧૯/ 3561 તા. 28-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા ન ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૦/ક્વા-૪/૨૦૧૮-૧૯

અરજદાર: દામજીભાઈ દેવાભાઈ મેધાણી ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે વિજયભાઈ રણછોડભાઈ પારખીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર: (૧) કાર્યપાલક ઇજનેર શ્રી એલ.કે.પરમાર વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય
(૨) કાર્યપાલક ઇજનેર શ્રી એચ.બી.પરમાર વિભાગીય કચેરી - શહેર -૩ રાજકોટ

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી - રાજકોટ
તારીખ: ૦૮.૦૫.૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૫.૨૦૧૯ રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર દામજીભાઈ દેવાભાઈ મેધાણી ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર : ૫૦/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ મા જણાવે છે કે, તેઓએ મવડી સર્વે નંબર: ૩૭૫ જે મવડી પાળ રોડ પર આવેલ છે, જે બીનખેતી થતા વીજજોડાણ મેળવવા માટે મવડી પેટા વિભાગીય કચેરી માં તા.૦૮-૦૧-૧૯ ના રોજ નોંધણીચાર્જ ભરપાઈ કરેલ. જે અન્વયે - પીજીવીસીએલ ની કચેરી ના પત્ર તા.૨૪-૦૧-૧૯ મુજબ - વીજજોડાણ ની માંગણી મુજબ નુ સ્થળ - સદર કચેરીની હદની બહાર આવેલ હોય - જેથી - સબંધક કચેરીમાં અરજી કરવા જણાવેલ - જેથી - અરજદારે રોણકી પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ. જે અન્વયે તા.૨૫ -૦૧-૧૯ ના રોજ જણાવેલ કે બીનખેતી ની જગ્યા રોણકી કચેરીના તાબા હેઠળ આવતી નથી. જેથી, અરજદારે વીજજોડાણ મેળવવા માટે ઘટતી કાર્યવાહી કરવા - અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવવામાં આવેલ કે- દામજીભાઈ દેવાભાઈ મેઘાણી દ્વારા મવડી-૩ ગામના સર્વે નંબર ૩૭૫ પૈકી ૧ માં વાણીજ્ય હેતુ માટે ૬૫ કિલોવોટનાં એક વીજ કનેક્શનની માંગણી તા. ૦૮.૦૧.૨૦૧૯ ના રોજ મવડી રોડ સબ ડીવીઝનમાં કરેલ. ત્યારબાદ મવડી રોડ સ.ડી.નાં નાયબ ઈજનેર દ્વારા તેમના પત્ર નંબર ડીઇ/મવડી રોડ સ.ડી./૩૯૩ તા.૨૪.૦૧.૨૦૧૯ થી અરજદારને જણાવેલ કે સદર વીજ જોડાણ માંગેલવાળી જગ્યા મવડી રોડ પે.વી.ક.ના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાથી સંલગ્ન દસ્તાવેજો અરજદારને પરત કરેલ અને જણાવેલ કે, લાગુ પડતી રૈયાધાર પે.વી.ક માં સદર વીજ જોડાણ માટે અરજી કરવી.

ત્યારબાદ, સદર અરજદાર દ્વારા રૈયાધાર પે.વી.ક.માં ઈનવર્ડ નંબર ૩૬૨ તા ૨૪.૦૧.૨૦૧૯ થી સદર સર્વે નંબરમાં વીજ જોડાણ માટે અરજી કરેલ. ત્યારબાદ રૈયાધાર પે.વી.ક. દ્વારા સ્થળ સર્વે કરતાં માલુમ પડેલ કે, સદર સર્વે નંબર મવડી પાળ ગામના મેઈન રોડ પર આવેલ છે અને સદર બિનખેતી જગ્યા અત્રેની રૈયાધાર પે.વી.ક.નાં કાર્યક્ષેત્ર હેઠળ આવતી નથી. વધુમાં સદર બિનખેતી સર્વે નંબર ૩૭૫ પૈકી ૧ જે મવડી રોડ પે.વી.ક.ના કાર્યક્ષેત્ર હેઠળ આવતો હોય જેથી અત્રેની રૈયાધાર પે.વી.ક. દ્વારા ઉપરોક્ત પત્ર નં ૮૫૦ તા. ૦૮.૦૨.૨૦૧૯ થી મવડી રોડ સબ ડિવિઝનને સદર બાબતે જાણ કરેલ.

ત્યારબાદ મવડી રોડ પે.વી.ક. દ્વારા ઉપરોક્ત પત્ર નં ૮૨૫ તા. ૨૦.૦૨.૨૦૧૯ થી રૈયાધાર પે.વી.ક.ને સદર બાબતે જાણ કરેલ કે, વડી કચેરી સાથે થયેલ ચર્ચા મુજબ સદર વીજ જોડાણ રૈયાધાર પે.વી.ક. દ્વારા જ આપવાનું રહેશે. પરંતુ માંગેલ વીજ જોડાણવાળો બિનખેતી સર્વે નંબર રૈયાધાર પે.વી.ક.ના કાર્યક્ષેત્ર હેઠળ આવતો નથી. તથા ફીડર પણ મવડી રોડ પે.વી.ક.નો છે.

આ સમગ્ર બાબતની જાણ પત્ર નં ૨૬૧૬ તા.:૧૫.૦૨.૧૯ દ્વારા કાર્યપાલક ઈજનેર સીટી-૩માં જાણ કરેલ છે. તથા સદર કનેક્શન મવડી રોડ પે.વી.ક. ને આપવાનું થાય છે.

૩.૧ અરજદાર ની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં.- ૩ ના પત્ર નં.–૨૫૦૩ તા.૦૬–૦૫–૧૯ થી જણાવેલ કે અરજદાર શ્રી દામજીભાઈ દેવાભાઈ મેઘાણીએ નવા વાણીજય જોડાણ મેળવવા માટે ની અરજી કરેલ. જેમા સર્વે દરમ્યાન એચ.ટી.લાઈન ૧.૧ કીમી અને ૧૦ કેવીએ ટ્રાન્સફોર્મર પ્રપોઝ કરી મંજુરી અર્થે સક્ષમ અધિકારીને મોકલાવેલ. જે અનુસંધાને – સદર પ્રપોઝલ ગામતળ ના વીજજોડાણ માટે ના સરક્યુલર મુજબ – તમામ શક્યતાઓને તપાસી કરીથી રીવાઈઝડ પ્રપોઝલ મોકલવી, તેમજ અરજદાર ની સદર જગ્યા રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ હોય, જે અરજદાર શ્રી ને જગ્યાના હેતુ ફેર કરવા માટે પત્ર પાઠવવા જાણકારી આપવી. તે મુજબ ની નોંધ સાથે પ્રપોઝલ સબંધક પેટા વિભાગીય કચેરી ને પરત મોકલેલ, જે અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારની અરજી મા જણાવ્યા મુજબ ના હેતુ માટે ના જરૂરી આધાર - પુરાવા રજુ કરવા જણાવેલ – જેથી વીજજોડાણ આપવાની કાર્યવાહી થઈ શકશે, પરંતુ, અરજદાર શ્રી દ્વારા સદર બાબતે કોઈ પ્રત્યુતર મળેલ ન હોય અરજી દફતરે કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા મવડી ગામ ના સર્વે નં. – ૩૭૫ /૧ મા વાણીજય હેતુ માટે નવા વીજજોડાણ ની નોંધણી તા.૦૮–૦૧–૧૯ થી નોંધણીચાર્જ રૂ.૧૦૦/– ભરપાઈ કરીને અરજી કરેલ. અરજદાર દ્વારા સદર અરજી ની સાથે જોડેલ આધાર–પુરાવા મુજબ – અરજદાર ની સદર જગ્યા રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ છે. પરંતુ, અરજદાર દ્વારા સદર જગ્યામાં વાણીજય હેતુ માટે વીજજોડાણ ની માંગણી કરાયેલ છે. જેથી, પીજીવીસીએલ કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ – રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ જમીન માં વાણીજય હેતુ માટે નુ વીજજોડાણ આપી શકાય નહી. જે બાબત નિયમાધીન હોય – તેની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

Consumer Grievance R... Forum PGVCL

૪.૨ સદર કેઇસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબ ની વિગતે અરજદાર શ્રી દ્વારા વધુ વીજભાર મેળવવા માટે ના નિયમાધીન આધાર-પુરાવા સામેવાળા ને રજૂ કરેલ ન હોય અરજદાર ની સદર અરજી ફોરમ કમિટી દ્વારા ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી ધામેલીયા) | (જે.બી. પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા. વા. ચેરપર્સન |

નોંધઃ

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા ન.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot